# ઝાક ખાતે ખુલ્લેઆમ જુગાર રમતા ૧૮ શકુનિઓ ઝડપાયા

## જલુંદ ગામમાં ઝાડીઓમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા : બંને કેસમાંથી મળી ૧.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૫

શ્રાવણીયો જુગાર જામ્યો છે ત્યારે પોલીસ પણ સક્રિય થઈ છે



અને જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરીને જુગાર રમતા શખ્સોને પકડવા બાતમીદારો પણ સક્રિય કર્યા છે. દરમિયાન દહેગામ પોલીસે ઝાક વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલતા જુગારધામ પર દરોડો પાડી ૧૮ શકુનિઓને પોણા બે લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા તો બીજી તરફ પેથાપુર પોલીસે જલુંદ ગામમાં દરોડો પાડીને ચાર શખ્સોને જુગાર રમતા પકડી તેમની પાસેથી ૩૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

દહેગામના ઝાક વિસ્તારમાં રહેતા લક્ષ્મણ શકરા ઠાકોરના ઘર આગળ કમ્પાઉન્ડમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી આધારે દહેગામ પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે દરોડો પાડીને પુનિત મોહન દાનાવાડીયા, અરવિંદ બંસી દાણીધારીયા, રાજુ શામળ પટેલ, ટીના અમથા ચુનારા, હિતેન્દ્ર જવલંતસિંહ બિહોલા, રજાક આદમ મનસુરી, ભરત જશુ બિહોલા, ગિરિરાજ અભેસિંહ પરમાર, બ્રિજેન દિલીપ મહેતા, લક્ષ્મણ શકરા ઠાકોર, રઈજી કાંતિ ઠાકોર, કલ્પેશ ભાનુપ્રસાદ રાવલ, શંભુ વિજયસિંહ વાઘેલા, કૈલાશ ભુરજી બામણ, લાલજી ગૌતમ પટેલ, કાળાજી ભઈજીજી ઠાકોર, અરવિંદ અભેસિંહ ઠાકોર અમે વિઠ્ઠલ મઈજીભાઈ ઠાકોર મળીને ૧૮ શકુનિઓને પકડી પાડવામાં આવ્યા હતા.

દહેગામ પોલીસે તેમની પાસેથી રોકડ રૂ.૧,૬૩,૨૯૦ તથા રૂપિયા ૧૪ હજારની કિંમતના ૧૪ મોબાઈલ મળી કુલ પોણા બે લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ પેથાપુર પોલીસે જલુંદ ગામમાં જોગણી માતાજીના મંદિર પાસે ઝાડીઓમાં દરોડો પાડી જુગાર રમી રહેલા ચાર શખ્સોને પકડી પાડયા હતા. ભનુજી પોપટજી ઠાકોર, વિષ્ણુજી અંબાલાલ ઠાકોર, ઈમરાન અલુમિયા મલેક અને ગણેશ જવાન ઠાકોર મળીને ચાર શખ્સોની કુલ રૂ.૩૩૦૦નાં રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ કરી પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલે વાહનોનો ચક્કાજામ

## અમદાવાદ-હિંમતનગર-દહેગામ-ગાંધીનગર જાહેર માર્ગો પર બે કિલોમીટર સુધી લાંબી કતારો

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાનું મુખ્યમથક ગણાતુ એકમાત્ર ચિલોડા-હિંમતનગર-અમદાવાદ-દહેગામ-ગાંધીનગર જવાની માટેનું પ્રવેશદ્વારે આજે રક્ષાબંધન તહેવારની ઉજવણી પ્રસંગે લોકોની ભારે ભીડ અને અસંખ્ય વાહનોની અવરજવર વધતાં હાઈવે-૮ની કામગીરી ચાલી રહી છે. ત્યારે ચિલોડાથી નરોડા રોડ પર અવરજવર માટે બિસ્માર રસ્તો અને ચોમાસાનો ઝરમર વરસાદ પડતા વાહનોની લાંબી કતારોથી કલાકોના કલાકો સુધી વાહનોનો ચક્કાજામને લીધે લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આમ ચિલોડા



તેમજ ચિલોડા સર્કલ પાસે રાખડીઓની લારીઓ અને પાથરણાવાળાના ધસારાને લીધે ટ્રાફિક નિયમન કરવું પોલીસને પરસેવો છૂટી જવા પામ્યો હતો. હાલમાં ચિલોડા-હિંમતનગર-અમદાવાદ સર્કલે છ માર્ગીય રસ્તા પરથી પસાર થતાં વાહનોના ચક્કાજામથી ટ્રાફિક નિયમન કરવું કઠીન બનતા તહેવાર પ્રસંગે ભારે મુશ્કેલીનો સામનો જનતા કરી રહી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




રક્ષાબંધને વાઈફ અને બહેન ભેગી થાય તેમાં આટલું ડરવાનું ન હોય... મારે પણ એવું જ થાય છે...!! શું સમજ્યો...!!

# દારૂનો જથ્થો ભરેલી નંબર પ્લેટ વગરની ગાડી બિનવારસી પકડાઈ

## કલોલ તાલુકા પોલીસે ભાલોદ ગામે માણેક ફાર્મ હાઉસ નજીકથી બિનવારસી પકડેલી આ ગાડીમાંથી ૩૩૬ બોટલ દારૂ મળ્યો

ગાંધીનગર, તા. ૨૫

પાટીદાર નેતા હાર્દિક પટેલના આજે ઉપવાસ આંદોલનની જાહેરાતને પગલે અમદાવાદ ઉપરાંત ગાંધીનગર પોલીસ પણ એલર્ટ મોડ ઉપર હતી ત્યારે કલોલ તાલુકા પોલીસ આજે સવારથી સઘન ચેકિંગ કરી રહી હતી. કલોલ તાલુકાના ભાલોદ ગામ પાસે માણેક ફાર્મ હાઉસ નજીક રોડ પરથી એક બિનવારસી નવીનક્કોર નંબર પ્લેટ વગરની ગાડી મળી આવી હતી. શંકાસ્પદ પડેલી આ ગાડીમાં પોલીસે ચેકિંગ કરતા અંદરથી ૩૩૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. કલોલ તાલુકા પોલીસે દારૂ ભરેલી ગાડી જપ્ત કરી ગાડીના એન્જિન નંબર અને ચેચીસ નંબરને આધારે આરોપી સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે. દારૂની હેરાફેરી કરવા જતા આ ગાડીનો ચાલક પોલીસ પોઈન્ટ જોઈને ગભરાઈ ગયો હોય એને બિનવારસી ગાડી મૂકીને નાસી ગયો હોય તેવી શક્યતા છે.



કલોલ તાલુકા પીઆઈ નીરજ પટેલ તથા તેમની ટીમ આજે વહેલી સવારથી સઘન પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે ભાલોદ ગામ પાસે માણેક ફાર્મ હાઉસ નજીક એક બિનવારસી નંબર પ્લેટ વગરની નવી નકોર આઈ-૧૦ ગાડી મળી આવી હતી. આ ગાડી પર શંકા જતાં પોલીસે અંદર તપાસ કરતા અંદરથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ.૧.૩૪ લાખની કિંમતનો ૩૩૬ નંગ વિદેશી દારૂનો જથ્થો કલોલ તાલુકા પોલીસે જપ્ત કરી ગાડી સહિત કુલ રૂ.૬.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરીને ગાડી ના એન્જિન નંબર અને ચેસીસ નંબર આધારે ગાડીનો માલિક કોણ છે અને દારૂની હેરાફેરી કોણ અને કોના દ્વારા થઈ રહી હતી તે સહિતની વિગતો બહાર લાવવા કવાયત શરૂ કરવામાં આવી છે.

# મુંબઈ ડબ્બાવાલાએ બાળકોને તેમનું ટાઈમ મેનેજમેન્ટ શિખવાડ્યું

## શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટિ દ્વારા અવેરનેસ પ્રોગ્રામ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટિ દ્વારા સેક્ટર-૨૫માં શ્રી વેદ



ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે બાળકો માટે ટાઈમ મેનેજમેન્ટ તથા સ્ટ્રીટ ફુડ અંગે અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુંબઈ ડબ્બાવાલાના મેનેજમેન્ટ ગુરૂ ભાના ભાગોજી રોંછલ ઉપસ્થિત રહ્યાં હતા અને બાળકોને તેમની જીવનગાથા વર્ણવી પ્રોત્સાહિત કર્યા હતા.

મુંબઈની લોકલ ટ્રેનમાં દરરોજ ૨ લાખ ટિફિનના ડબ્બા કોઈ પણ ભૂલ વગર આપવા-લેવાની સર્વિસ મુંબઈ ડબ્બાવાલા તરફથી આપવામાં આવે છે. જે માટે ૫૦ હજાર કર્મચારીઓ કાર્યરત છે. તેમની કાર્ય પદ્ધતિ ટાઈમ મેનેજમેન્ટ આધારીત છે. જે અંગે બાળકોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમમાં ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટિના નેશનલ પ્રેસિડેન્ટ સુધીર મોરેએ બાળકોને બહાર ખુલ્લામાં મળતા ખોરાક અને ખાણીપીણીથી દૂર રહી હાનિકારક નાસ્તા કરતા સ્વાસ્થ્યવર્ધક ખોરાક ગ્રહણ કરવા માટે માહિતગાર કર્યા હતા. કમિટિએ આ કાર્યક્રમ માટે શાળાના ટ્રસ્ટી ડૉ. ડી.બી. પટેલ તથા બાબુભાઈનો આભાર માન્યો હતો. કાર્યક્રમમાં વેલ્ફેર કમિટિના અનિલ મોરે, વસીમ કાદરી, દિપક વ્યાસ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તન્મય પટેલ તથા રાહુલ સુખડિયાએ કર્યુ હતુ.

# બાળકોને આપેલા સંસ્કાર જીવનભર ટકે છે : પૂ. સુનીલસાગરજી મહારાજ

ગાંધીનગર, તા. ૨૫

આચાર્ય પૂ. સુનીલ સાગરજીએ આજે જણાવ્યું હતું કે 'બાળકોને ઉપહાર ન આપીએ તો બે-ચાર કલાક રડશે, પરંતુ સંસ્કાર ન આપીએ તો જીંદગીભર રડશે.' સારી વસ્તુ



શિખવાડવા માટે માધ્યમિક સ્કૂલ, ક્લાસ, મોટીવેટર છે પરંતુ ખોટા રસ્તે જવાનુ શીખવાડવા કોઈ શિક્ષાની જરૂર નથી. જેનો વિરોધ કરવામાં આવે છે તે બાળકો જલ્દી શિખી જાય છે. પાઉચ અને બોટલની સંસ્કૃતિ પાશ્ચાત્ય સંસ્કૃતિ છે જે નુકશાનકારક છે. સંસ્કાર આપો અહિંસાના, પ્રેમના, કરૂણાના, દયાના, જુઠુ બોલવાવાળીની ધડકન વધી જાય છે. પોતાના પરિણામોની હાનિ એ પણ હિંસા છે. હિંસા, જૂઠ, ચોરી, કુશીબ, પરિગ્રહ એ પાંચ મોટા પાપ છે. માનવ ચોરી, શરીરના અંગોની ચોરી એ પણ મોટો પાપ છે. પોતાના મનમાં આઘાત લાગે તે પાપ, હિંસા કે ચોરી છે. મનની શાંતિ એ અહિંસા છે. મનથી પણ હિંસા થાય છે તેને રોકવી. દ્રવ્ય હિંસા અને ભાવ હિંસા એ હિંસાના બે પ્રકાર છે. દુનિયાદારીમાં સુખ નથી. બધા સુખ છે પણ ક્લેશનું દુ:ખ દરેક જણાએ છે. ભાવહિંસા કદી કરવી નહી.

# કલોલ કોલેજમાં રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી કરાઈ

ક્લોલની આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં એન.એસ.એસ.અને એન.સી.સી.ના ઉપક્રમે રક્ષાબંધન પર્વ ઉજવાઈ ગયું. જેમાં કોલેજના પ્રિ. ડો. કે.સી. દેશમુખને ઓફિસમાં જઈ બહેનોએ રાખડી બાંધી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે પ્રોગ્રામ ઓફિસર ડો. એચ.કે. સોલંકીને એન.એસ.એસ.ની લીડર કૃપા પુરોહિતે રાખડી બાંધી હતી. ગુરુ શિષ્ય પરંપરાનું અનોખું વાતાવરણ ઉભું થયું હતું. પ્રા.સી.કે. મેવાડા અને પરેશ પટેલને પણ બહેનોએ રાખડીઓ બાંધી હતી. કોલેજ કેમ્પસમાં ભાઈ બહેનના પવિત્ર પર્વની ઉજવણી કરી દરેક કેડેટ્સ અને અધ્યાપકોને રાખડીઓ બાંધી હતી.




# પેથાપુર ખાતે ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ યોજાયો

પેથાપુરના પૂર્વ નગરપતિ અને રાજપૂત સમાજના અગ્રણી શ્રી લક્ષ્મણસિંહજી ડાભીના માનમાં તથા તેમની યાદગીરીના સંભારણારૂપે આજરોજ પેથાપુર નગરના રૂપરાજ કંમ્પાઉન્ડ બસ સ્ટેન્ડ ખાતે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન શ્રી લક્ષ્મણસિંહજી ડાભી મેમોરિયલ ટ્રસ્ટ અને તેજ આઈ સેન્ટરના સંયુકત ઉપક્રમે ડાયાબિટીસ તેમજ આંખની તપાસ માટેના કેમ્પનું વિનામુલ્યે આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શાળાના ૨૦ થી વધુ બાળકોની આંખની તપાસ તેમજ પેથાપુર નગરના ૧૨૫ થી વધુ નાગરીકોએ આંખની ચકાસણી ઉપરાંત ડાયાબિટીસનો ટેસ્ટ કરાવ્યો હતો. આ પ્રસંગે પેથાપુરના અગ્રણી સુર્યસિંહ ડાભી, નટવરસિંહ ડાભી, ગણપતસિંહ વાઘેલા, અજીતસિંહ વાઘેલા, અશ્વિનભાઈ દવે, જયદિપસિંહ વાઘેલા, સહિતના આગેવાનોએ હાજર રહીને કેમ્પને સફળ બનાવ્યો હતો.

## વાતવાતમાં

● ગાંધીનગર તાલુકાના અંબાપુર ગામે ૩૫ વર્ષ બાદ જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા પાણીનો નવો બોર બનાવવાની કામગીરી જિલ્લા પંચાયત સદસ્ય બેચરજી ઠાકોરના પ્રયાસોથી આરંભાઈ છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સહિત જિલ્લા કોંગ્રેસના સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પ્રસુતાઓ માટેના લેબરરૂમને 'નવજીવન' નામકરણ કરવામાં આવશે. આ બાબતે આરોગ્ય તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

● રાજ્યના આરોગ્ય કમિશ્નર ડૉ. જયંતિ રવિએ ચિલોડા નજીક આકાર પામેલી નવી 'બદ્રી સ્કૂલ'ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે બાળકો સાથે હળવાશની પળો માણી હતી.

● ગાંધીનગરમાં બ્રહ્માકુમારીઝની બહેનો દ્વારા વિવિધ સરકારી તથા સામાજિક એકમોમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખડી બાંધવામાં આવી રહી છે. આ રક્ષાબંધન સાથે તેઓ દ્વારા કર્મચારીઓને બદલામાં વ્યસનથી મુક્ત થવાનો સંકલ્પ લેવડાવવામાં આવી રહ્યો છે.

# જીએસટી રિટર્ન ફાઈલ નહી કરનાર છ હજારના નંબર રદ

ગાંધીનગર, તા.૨૫

દેશભરમાં જીએસટી લાગુ થયા પછી પણ ટેક્સચોરી કરનાર વેપારીઓ સામે હવે સરકારી તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. જીએસટી નંબર લીધા પછી જે વેપારીએ અત્યાર સુધી એક પણ ટેક્સ ભર્યો નથી કે જીએસટી રિટર્ન ફાઈલ કર્યું નથી તેવા અમદાવાદ શહેર અને જિલ્લાના ૬,૦૦૦થી વધુ વેપારીઓના નંબર રદ કરવામાં આવ્યા છે. તંત્રના આ શિક્ષાત્મક નિર્ણયને પગલે સમગ્ર વેપારીઆલમમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ ગઈ છે. જો કે, તંત્ર દ્વારા હજુ એક વખત વેપારીઓને તક પૂરી પાડવાનું જણાવાયું છે અને તેમાં જો તમામ રિટર્ન ફાઈલ કરવા સાથે વેપારીઓ પેનલ્ટી અને વ્યાજની રકમ ચૂકવી દેશે તો તેઓને ફરી નંબર અપાશે. જીએસટીના નિયમ મુજબ ઉપરાઉપરી જે વેપારીઓ છ વખત સુધી રિટર્ન ફાઈલ કરતા નથી તેમના નંબર રદ કરી દેવામાં આવે છે. આવા નંબર રદ થઈ ગયા છે તેવા વેપારીઓને હવે ફરી નંબર લેવા માટે એપ્લાય કરવું પડશે, પરંતુ તંત્ર આવા વેપારીઓ પાસેથી દરેક દિવસના રૂ. ૫૦ પેનલ્ટી પેટે અને ટેક્સ નથી ભરાયો તેના પર ૧૮ ટકા વ્યાજની વસૂલી કરશે. જે વેપારીઓ માઈગ્રેટ નથી થઈ શક્યા તેવા વેપારીઓ માટે માઈગ્રેટ થવાની અંતિમ મુદત તા.૩૧ ઓગસ્ટ છે. આ પછી તેઓ માઈગ્રેટ થઈ શકશે નહીં. જે વેપારીઓના જીએસટી નંબર રદ થયા છે તે વેપારીઓને મોટું નુકસાન થશે એટલું જ નહીં, તેમની સાથે વેપાર કરનારાઓને પણ મોટું નુકસાન થશે. જે વેપારીનો નંબર રદ થયો હશે તે વેપારીને તો ખરીદી પરની આઈટીસી (ઈનપુટ ટેક્સ ક્રેડિટ) મળવાપાત્ર થતી નથી.



## રાજ્યકક્ષાની ટેકવાન્ડોમાં દસ વર્ષીય દિયા પટેલને ગોલ્ડમેડલ

અમદાવાદના વસ્ત્રાલ ખાતે યોજાયેલ ૩જી ઓપન સ્ટેટ ટેકવાન્ડો ચેમ્પિયનશીપમાં ૨૮ થી ૩૨ કિગ્રા કેટેગરીમાં દસ વર્ષીય દિકરી દિયા પટેલે ગોલ્ડમેડલ હાંસલ કર્યો છે. દિયા પટેલના કોચ રાજેન્દ્રભાઈ ચાવડાએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## રક્ષાબંધન પર્વની શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમની અભિવ્યક્તિના ઉત્સવ રક્ષાબંધન પર્વની સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

## વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા સમુહ ભોજનનું આયોજન

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ સેકટર-૧૨ ગાંધીનગર ખાતે વિશ્વકર્મા મંદિર ખાતે સમાજના સભ્યો માટે સમુહ ભોજનનું આયોજન આગામી તા. ૨ સપ્ટેમ્બરને રવિવાર અને શિતળા સાતમના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઘરેથી લાવવામાં આવેલા ઠંડુ ભોજન સંસ્થાના સભ્યો તેમજ કુટુંબના સભ્યો સાથે જમવામાં આવશે. આ સમુહ ભોજનના કાર્યક્રમમાં મોટીસંખ્યામાં હાજર રહેવા સંસ્થાના પ્રમુખ બાબુલાલ સુથારે અનુરોધ કર્યો છે.

# ત્રિવેણી સંગમમાં વાજપેયીની અસ્થિઓનું કરાયેલું વિસર્જન

અમદાવાદ,તા.૨૫

ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્ન અટલ બિહારી વાજપેયીની અસ્થી કળશ યાત્રા આજે યોજવામાં આવી હતી. અસ્થિ કળશ યાત્રામાં રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષિ મંત્રી આરસી ફળદુ અને ભાજપના આગેવાનો તથા સ્થાનિક લોકો જોડાયા હતા. કળશ યાત્રા સોમનાથના વિવિધ રસ્તાઓ ઉપર ફરી હતી. ત્યારબાદ ત્રિવેણી સંગમ ખાતે અસ્થિઓનું મંત્રોચ્ચાર સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું. વેરાવળમાં રાજેન્દ્ર ભવન સર્કિટ હાઉસ ખાતેથી અસ્થિ કળશ યાત્રા નિકળી હતી. આજે વેરાવળ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે સોમનાથ યુનિવર્સીટી, સંજયનગર પાસેથી અસ્થિકૂંભ યાત્રા નિકળી હતી બપોરે સોમનાથ-ત્રિવેણી સંગમમાં અસ્થિ વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવીયા, કેબીનેટ મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા આરસી ફળદુ ઉપસ્થિત રહ્યા હતા.સુરતની તાપી નદી, સિધ્ધપુરમાં સરસ્વતી નદી તથા સોમનાથ ત્રિવેણી સંગમમાં આદરણીય અટલજીના અસ્થિ વિસર્જન કરવામાં આવ્યું હતું. આજે બપોરે સુરતમાં કામરેજ થી અસ્થિકૂંભ યાત્રા શરૂ થઈ હતી. ત્યારબાદ ૪.૦૦ વાગે કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ પાસે તાપી નદીમાં અસ્થિ વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી તથા પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

**PUBLIC NOTICE**

Adv.Pratibha V Bhosale
Exh.No.15

**Before The Hon'ble Civil Judge Senior Division Court, At. Kalyan**

**MP 662/2017**

Vrushali Sandip More ....Petitioner
V/s
Sandip Suresh More ....Respondent

The Petitioner above named has filed the Petition for Divorce before this Hon'ble Court. The Respondent is hereby directed to remain present before this Hon'ble Court within the 15 days of the publication of this notice in the newspaper. The next date in the matter is 28/09/2018. Otherwise the matter will be proceeded ex-parte against the Respondent.

The notice bears my signature and the seal of the Court.

Court Seal

By Order
Assistant Registrar
Civil Court,
Senior Division, Kalyan